# 2 વર્ગીકરણનાં ક્ષેત્રો

જીવાવરણમાં પ્રત્યેક સજીવ વચ્ચે આંતરસંબંધ હોય છે અને આ સંબંધોને જાણવા માટે વર્ગીકરણનો અભ્યાસ જરૂરી છે. આ અભ્યાસ માટે વનસ્પતિ અને પ્રાણીઓના નમૂનાઓના સંગ્રહસ્થાન મહત્ત્વના છે. આ ઉપરાંત નાશપ્રાયઃ અને લુપ્ત થતાં સજીવોના સંરક્ષણ માટે ઉપાયો યોજી શકાય છે. આમાં સૌથી અગત્યની વનસ્પતિ સંગ્રહાલય છે. જેમાં વિવિધ સ્થળોથી એકત્રિત કરેલા વનસ્પતિ નમૂનાઓ ઉપર જુદી-જુદી પ્રક્રિયાઓ કરી યોગ્ય પદ્ધતિ વડે તેનો સંગ્રહ કરવામાં આવે છે અને વર્ષો સુધી તેનો અભ્યાસ થઈ શકે છે. આવા વનસ્પતિ સંગ્રહાલયના અનેકવિધ ઉપયોગો છે.

(1) દરેક સજીવમાં કોને સંબંધી વિવિધતા જોવા મળે છે?

(A) રચના, કાર્ય અને વર્તનસંબંધી (B) આકાર, સંબંધ, રહેઠાણસંબંધી

(C) ઊંચાઈ, વજન, આકારસંબંધી (D) ખોરાક, શક્તિ, કાર્યસંબંધી

(2) સજીવનું વર્ગીકરણ અને ઓળખ કોને માટે જરૂરી છે?

(A) પ્રયોગશાળામાં (B) ક્ષેત્ર અભ્યાસમાં

(C) ભૌગોલિક વિતરણમાં (D) A અને B બંને

(3) વિજ્ઞાનની કઈ શાખા સજીવોના અભ્યાસ, ઓળખ અને પારસ્પરિક સંબંધો માટે અગત્યની છે?

(A) જીવવિજ્ઞાન (B) વર્ગીકરણવિદ્યા (C) ગર્ભવિદ્યા (D) દેહધર્મવિદ્યા

(4) વર્ગીકરણનો અભ્યાસ નીચેની કઈ બાબતો માટે જરૂરી છે?

(A) ખેતીવાડી, વનવિદ્યા, ઉદ્યોગો (B) જૈવસંપત્તિની જાણકારી, જૈવવિવિધતા

(C) સજીવોના ભવિષ્યના અભ્યાસ માટે (D) ઉપર્યુક્ત તમામ

(5) વર્ગીકરણના અભ્યાસ માટે મુખ્ય સ્રોત

(A) સજીવના નમૂનાઓનો સંગ્રહ (B) સજીવના અશ્મિઓનો સંગ્રહ

(C) સજીવનાં રેખાચિત્રોનો સંગ્રહ (D) સજીવના મૃતદેહનો સંગ્રહ

(6) વર્ગીકરણથી વિવિધ ભૌગોલિક વિસ્તારોના...

(A) નકશાઓ તૈયાર કરી શકાય. (B) વનસ્પતિ સમૂહ તૈયાર કરી શકાય.

(C) પ્રાણી સમૂહ તૈયાર કરી શકાય. (D) B અને C બંને

(7) વર્ગીકરણથી કેવા સજીવોના સંરક્ષણ માટે ઉપાયો યોજી શકાય?

(A) નાશપ્રાય અને લુપ્ત થતા જતા (B) પ્રજનન ન કરી શકતાં

(C) સૌથી ઓછા પ્રમાણમાં હોય તેવા (D) B અને C બંને

(8) વનસ્પતિના નમૂનાનું સંગ્રહસ્થાન એટલે...

(A) ગ્રીનહાઉસ (B) વનસ્પતિ ઉદ્યાન (C) વનસ્પતિ સંગ્રહાલય (D) રાષ્ટ્રીય ઉદ્યાન

(9) નીચેનામાંથી વનસ્પતિના નમૂનાના સંગ્રહ માટેનો સચોટ ક્રમ દર્શાવે છે....

(A) એકત્રીકરણ - દાબન - આરોપણ - શુષ્કન, વિષાક્તન

(B) એકત્રીકરણ - દાબન - શુષ્કન, વિષાક્તન, આરોપણ

(C) એકત્રીકરણ - શુષ્કન - દાબન - વિષાક્તન - આરોપણ

(D) એકત્રીકરણ - શુષ્કન - વિષાક્તન - દાબન - આરોપણ

(10) વનસ્પતિના નમૂનાને સૂકવવા માટે વપરાતું પેપર કયું છે?

(A) પાર્ચમેન્ટ પેપર (B) બ્લોટિંગ પેપર (C) ફિલ્ટર પેપર (D) ક્રોમેટોગ્રાફી પેપર

(11) વિષાક્તન પ્રક્રિયા એટલે શું ?

(A) વિશિષ્ટ રસાયણમાં ઉછેર (B) નમૂનામાં નેપ્થેલિનની ગોળી મૂકવી.

(C) વિશિષ્ટ રસાયણનો છંટકાવ (D) વિશિષ્ટ વિષારી દ્રવ્યોનો ઉમેરો કરવો.

(12) સૂકવેલ વનસ્પતિની જાળવણી માટે તેના પર વિશિષ્ટ રસાયણના ધુમાડા દ્વારા કરાતી પ્રક્રિયા એટલે...

(A) ફ્યુમિગેશન (B) દાબન (C) આરોપણ (D) વિષાક્તન

(13) વનસ્પતિના નમૂનાનું આરોપણ કરવા વપરાતું નિશ્ચિત કદનું પૂઠું એટલે...

(A) કોબાલ્ટપત્ર (B) તામ્રપત્ર (C) હર્બેરિયમપત્ર (D) ક્લોરાઇડપત્ર

(14) હર્બેરિયમ પત્રને જે કબાટમાં મૂકવામાં આવે છે ત્યાં ફૂગ કીટકો અને ભેજની સામે રક્ષણ માટે કઈ પ્રક્રિયા કરવામાં આવે છે?

(A) પ્લાસ્ટિકની બૅગમાં મૂકવામાં આવે છે. (B) કબાટના ખાના બદલવામાં આવે છે.

(C) નેપ્થેલિનની ગોળીઓ મૂકવામાં આવે છે. (D) A અને B બંને

(15) ફ્યુમિગેશન પદ્ધતિ કોની સામે રક્ષણ પૂરું પાડતી પ્રક્રિયા છે?

(A) ફૂગ, લીલ, ભેજ (B) લીલ, કીટક, ભેજ (C) લીલ, ફૂગ, સુકારો (D) ફૂગ, કીટક, ભેજ

(16) હાર્બેરિયમપત્રમાં લખાણ ક્યાં લખવામાં આવે છે?

(A) ડાબી અને ઉપર (B) ડાબી અને નીચે (C) જમણી અને નીચે (D) જમણી અને ઉપર

(17) આર્થિક અને લોકવનસ્પતિ શાસ્ત્રીય માહિતી પ્રાપ્ત કરવામાં નીચેનામાંથી કોણ ઉપયોગી છે?

(A) વનસ્પતિ ઉદ્યાન (B) વનસ્પતિ સંગ્રહાલય (C) બોટાનિકલ ગાર્ડન (D) ઉપરના ત્રણેય

(18) નીચેનામાંથી કોણ આધુનિક વર્ગીકરણ પદ્ધતિ તૈયાર કરવાની ચાવી પૂરી પાડે છે?

(A) વનસ્પતિ ઉદ્યાન (B) બોટાનિકલ ગાર્ડન (C) વનસ્પતિ સંગ્રહાલય (D) એક પણ નહિ.

(19) બ્રિટિશ મ્યુઝિયમ ઑફ રોયલ બોટેનિકલ ગાર્ડન ક્યાં આવેલું છે?

(A) ક્યુ (B) લંડન (C) પૅરિસ (D) દેહરાદૂન

(20) હર્બેરિયમ ઑફ ફૉરેસ્ટ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ક્યાં આવેલું છે?

(A) ઇંગ્લૅન્ડ (B) દહેરાદૂન (C) દાર્જિલિંગ (D) પૅરિસ

(21) મ્યુઝિયમ ઑફ નેચરલહિસ્ટ્રી ક્યાં છે?

(A) ઇંગ્લૅન્ડ (B) કોલકાતા (C) દહેરાદૂન (D) પૅરિસ

(22) ભારતનું પ્રસિદ્ધ સંગ્રહાલય કે જે કોલકાતામાં આવેલું છે?

(A) હર્બેરિયમ ડિપાર્ટમેન્ટ ઑફ બોટાની (B) હર્બેરિયમ ઑફ ફૉરેસ્ટ રિસર્ચ

(C) સેન્ટ્રલ નેશનલ હાર્બેરિયમ (D) મ્યુઝિમય ઑફ નેચરલહિસ્ટ્રી

(23) હર્બેરિયમ ડિપાર્ટમેન્ટ ઑફ બોટાની ક્યાં આવેલ છે?

(A) ફ્રાન્સ (B) વડોદરા (C) ઇંગ્લૅન્ડ (D) કોલકાતા

(24) નવી શોધાયેલી વનસ્પતિ નમૂનાઓ સ્વરૂપેની ઓળખવિધિ અંગેની જરૂરી માહિતી ક્યાંથી મળે છે?

(A) વનસ્પતિ ઉદ્યાન (B) વનસ્પતિ સંગ્રહાલય (C) બોટાનિકલ ગાર્ડન (D) એક પણ નહિ.

(25) દુર્લભ અને આપણા વિસ્તારમાં ન હોય તેવી વનસ્પતિનો અભ્યાસ કરવા ક્યાં જવું?

(A) વનસ્પતિ ઉદ્યાન (B) બોટાનિકલ ગાર્ડન (C) વનસ્પતિ સંગ્રહાલય (D) એક પણ નહિ.

**જવાબો : (1-A), (2-D), (3-B), (4-D), (5-A), (6-D), (7-A), (8-C), (9-B), (10-B), (11-C), (12-A), (13-C), (14-C), (15-D), (16-C), (17-B), (18-C), (19-A), (20-B), (21-D), (22-C), (23-B), (24-B), (25-C)**

- **વનસ્પતિ ઉદ્યાનો અને તેનું મહત્ત્વ**

વનસ્પતિ ઉદ્યાન એટલે વિશ્વના જુદા જુદા ભાગોમાંથી લાવેલાં વૃક્ષ, ક્ષુપ, છોડ, આરોહી વનસ્પતિઓ અને બીજી જીવંત વનસ્પતિઓનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવા માટે વનસ્પતિઓને ઉછેરવામાં આવે છે. તેથી તે અન્ય જાહેર બગીચા કે વિહાર સ્થળથી જુદા પડે છે. વનસ્પતિ ઉદ્યાનોમાં, ઔષધીય, આર્થિક અગત્ય ધરાવતી અને અપ્રાપ્ય વનસ્પતિઓ અને અન્ય પ્રદેશોમાં થતી વનસ્પતિઓને વિશિષ્ટ માવજત દ્વારા ઉછેરવામાં આવે છે. તેથી આવાં ઉદ્યાનોનું અલગ અલગ ક્ષેત્રમાં ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

---

(26) વનસ્પતિ ઉદ્યાનો માટે કઈ બાબત સુસંગત છે?

(A) વિશ્વના જુદા જુદા બાગોમાંથી લાવેલ વનસ્પતિઓ

(B) સાર્વજનિક વિહાર અને જાહેર બગીચા કરતા જુદા હોય છે.

(C) A અને B બંને

(D) A અને B માંથી એક પણ નહિ.

(27) ઔષધીય, અપ્રાપ્ય અને આર્થિક અગત્ય ધરાવતી વનસ્પતિ ક્યાં ઉછેરવામાં આવે છે?

(A) નર્સરી (B) જર્મપ્લાઝમા બૅન્ક (C) વનસ્પતિ સંગ્રહાલય (D) વનસ્પતિ ઉદ્યાન

(28) અપ્રાપ્ય વનસ્પતિને ઉછેરવા માટેની પદ્ધતિ છે?

(A) આરોપણ (B) ફર્નરી (C) કન્ઝર્વેટરી (D) ગ્રીનહાઉસ

(29) અન્ય પ્રદેશોમાં થતી વનસ્પતિને જરૂરી પર્યાવરણ સર્જી વનસ્પતિ ઉદ્યાનમાં ઉછેરાય છે તે માટે નીચેનામાંથી કઈ પદ્ધતિનો ઉપયોગ થાય છે?

(A) ગ્રીનહાઉસ અને કેક્ટસ હાઉસ (B) ફર્નરી અને ઓર્કીડિયમ

(C) ગ્લાસ હાઉસ અને કન્ઝર્વેટરી (D) ઉપર્યુક્ત બધા જ

(30) સૌથી વધુ આકર્ષક સૌંદર્ય ધરાવતું સ્થળ એટલે...

(A) મ્યુઝિયમ (B) અભ્યારણ (C) પ્રાણીબાગ (D) વનસ્પતિ ઉદ્યાન

(31) ભારતમાં મહાકાય વડ ક્યાં આવેલ છે?

(A) ઈન્ડિયન બોટાનિકલ ગાર્ડન (B) રોયલ બોટાનિકલ ગાર્ડન

(C) લૉઇડ બોટાનિકલ ગાર્ડન (D) નેશનલ બોટાનિકલ ગાર્ડન

(32) મહાકાય વડ કયા શહેરમાં છે?

(A) લખનૌ (B) દાર્જિલિંગ (C) શિબપુર (D) વઘઈ

(33) વનસ્પતિઓને કુળજાતિ કે તેના નિવાસસ્થાન પ્રમાણે પ્રદર્શિત કરેલી હોય છે. કારણ કે...

(A) અભ્યાસ સરળ થાય. (B) સ્વયં સૂચિત કે નિદર્શન હેતુ માટે

(C) વધુ સુંદર દેખાવ માટે (D) સ્વ-અભ્યાસ માટે

(34) વનસ્પતિ ઉદ્યાનોમાં રહેલી વિપુલ જીવંત વનસ્પતિઓનો ઉપયોગ કયા ક્ષેત્રમાં થાય છે?

(A) અંતઃસ્થવિદ્યા, ભ્રૂણવિદ્યા (B) વનસ્પતિ રસાયણ, કોષવિદ્યા

(C) દેહધર્મવિદ્યા અન પરિસ્થિતિવિદ્યા (D) ઉપર્યુક્ત તમામ

(35) વનસ્પતિ ઉદ્યાનનું મહત્ત્વ કયા કારણસર વધતું જાય છે?

(A) નાશપ્રાયઃ વનસ્પતિઓના સંરક્ષણ (B) વધુ વનસ્પતિઓનો ઉછેર

(C) આર્થિક ઉત્પાદન માટે (D) પ્રજનનસંબંધી કાર્ય માટે

(36) વનસ્પતિ ઉદ્યાનો સામાન્ય લોકોને કઈ શાખાઓની સમજ પૂરી પાડે છે?

(A) લૅન્ડસ્કેપ ગાર્ડનિંગ (B) ફૂલોદ્યાન (C) અંતઃસ્થવિદ્યા (D) A અને B બંને

(37) વનસ્પતિ ઉદ્યાનમાં એક જ સ્થળે સંશોધન માટે વર્ગીકરણ માહિતી ક્યારે પૂરી પાડી શકાય?

(A) તેમાં જર્મપ્લાઝમ બૅન્ક હોય તો (B) તેમાં ક્લોનિંગ અને સંકરણ પ્રક્રિયા થાય તો

(C) તે આકર્ષક સૌંદર્ય ધરાવતા હોય તો (D) તેમાં સંગ્રહાલય અને પુસ્તકાલય હોય તો

(38) વનસ્પતિ ઉદ્યાનમાં નવી જાતિના નિર્માણ માટેની સાચી પદ્ધતિઓ કઈ છે?

(A) કલમ કરવી, પેશીસંવર્ધન (B) ક્લોનિંગ, સંકરણ

(C) ફર્નરી, ફ્લોદ્યાન (D) A અને B

(39) અલભ્ય જનીનોની જાળવણી માટે કઈ વ્યવસ્થા હોય છે?

(A) જર્મપ્લાઝમ બૅન્ક (B) બીજ બૅન્ક (C) બીજ નિધિ (D) જનીન બૅન્ક

(40) નીચેનામાંથી કયો વિકલ્પ વનસ્પતિ ઉદ્યાનના ફાળા તરીકે અસત્ય છે....

(A) જૈવવિવિધતા અને સાંસ્કૃતિક વારસાની જાળવણી માટે (B) પર્યાવરણની જાળવણી માટે

(C) વનસ્પતિશાસ્ત્રના અભ્યાસ માટે (D) નૈસર્ગિક સંપત્તિની જાળવણી માટે

(41) IABG માં નોંધાયેલ મહત્ત્વનાં વનસ્પતિ ઉદ્યાનોની સંખ્યા કેટલી છે?

(A) 600 (B) 6000 (C) 8000 (D) 800

(42) IABG નું પુરું નામ

(A) ઇન્ડિયન ઍસોસિયેશન ઑફ બોટાનિકલ ગાર્ડન (B) ઇન્ડિયન એગ્રિકલ્ચર ઑફ બોટાનિકલ ગાર્ડન

(C) ઇન્ટરનેશનલ ઍસોસિયેશન ઑફ બોટાનિકલ ગાર્ડન (D) ઇન્ટરનેશનલ એગ્રિકલ્ચર ઑફ બોટાનિકલ ગાર્ડન

(43) રોયલ બોટાનિકલ ગાર્ડન ક્યાં આવેલો છે?

(A) ઇંગ્લૅન્ડ (B) પૅરિસ (C) ન્યૂયૉર્ક (D) ક્યુ

(44) લૉઇડ બોટાનિકલ ગાર્ડન ક્યાં આવેલ છે?

(A) શિબપુર (B) લખનૌ (C) દાર્જિલિંગ (D) વઘઈ

(45) ઇન્ડિયન બોટાનિકલ ગાર્ડન ક્યાં આવેલ છે?

(A) શિબપુર (B) લખનૌ (C) દાર્જિલિંગ (D) વઘઈ

(46) નેશનલ બોટાનિકલ ગાર્ડન ક્યાં આવેલ છે?

(A) શિબપુર (B) લખનૌ (C) દાર્જિલિંગ (D) વઘઈ

(47) ગુજરાતમાં ક્યાં બોટનિકલ ગાર્ડન આવેલ છે?

(A) વડોદરા (B) વઘઈ (C) ડાંગ (D) સાપુતારા

(48) ભારતમાં ક્યાં રાજ્યોમાં બોટાનિકલ ગાર્ડન આવેલ છે?

(A) ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળ (B) ગુજરાત અને મધ્યપ્રદેશ

(C) ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ (D) ગુજરાત અને મહારાષ્ટ્ર

**જવાબો : (26-C), (27-D), (28-C), (29-D), (30-D), (31-A), (32-C), (33-B), (34-D), (35-A), (36-D), (37-D), (38-D), (39-D), (40-A), (41-D), (42-C), (43-D), (44-C), (45-A), (46-B), (47-B), (48-A)**

- **મ્યુઝિયમ**

મ્યુઝિયમમાં વનસ્પતિ, પ્રાણી અને અશ્મિઓના નમૂનાઓ ભેગા કરીને અભ્યાસના સંદર્ભમાં સંગ્રહ કરવામાં આવે છે. આવા મ્યુઝિયમ શાળા તથા કૉલેજમાં જરૂરિયાત મુજબ બનાવવામાં આવે છે. આમાં પ્રાણીઓ અને વનસ્પતિઓને પ્રિઝર્વેટિવમાં સાચવવામાં આવે છે અને બીજી ઘણી પદ્ધતિઓ દ્વારા પ્રાણીઓને તેમના મૂળ આકારમાં સાચવવામાં આવે છે.

(49) નીચેનામાંથી કઈ એક લાક્ષણિકતા યુનિવર્સિટીના મ્યુઝિયમની વિશેષતા દર્શાવે છે?

(A) પ્રાથમિક કક્ષાના (B) સમૃદ્ધ અને અપૂર્ણ માહિતીવાળા

(C) વધુ સમૃદ્ધ અને માહિતીસભર (D) ઉચ્ચ કક્ષાના

(50) પ્રાથમિક કક્ષાના મ્યુઝિયમ ધરાવતી સંસ્થા?

(A) શાળા (B) યુનિવર્સિટી (C) ખાનગી સંસ્થાઓ (D) સ્વૈચ્છિક સંસ્થાઓ

(51) ઈથેનોગૅલેરી ક્યાં જોવા મળે છે?

(A) બોટાનિકલ મ્યુઝિયમ (B) બોટાનિકલ ગાર્ડન (C) પ્રાણીબાગ (D) પ્રાણી મ્યુઝિયમ

(52) લોકપ્રાયોજિત ગૅલેરી એટલે....

(A) કંકાલગૅલેરી (B) પૃષ્ઠવંશી ગૅલેરી (C) અશ્મિગૅલેરી (D) ઈથેનોગૅલેરી

(53) મ્યુઝિયમમાં નમૂનાઓને શીશી કે બરણીમાં જાળવવા માટે વપરાતું દ્રાવણ...

(A) પ્રિઝર્વેટિવ (B) અભિરંજક દ્રાવણ (C) વિશિષ્ટ રસાયણ (D) ઉત્સેચક

(54) પ્રાણી મ્યુઝિયમમાં નીચે મુજબના વિભાગો હોય છેઃ

(A) પુસ્તકાલય (B) પ્રયોગશાળા (C) પદાધિકારીના આવાસ (D) ઉપરના તમામ

(55) મોટાં કદનાં પ્રાણીઓનાં મૃતદેહો જાળવવાની પદ્ધતિ...

(A) સ્કેનિંગ (B) ગ્રાફ્ટિંગ (C) સ્ટફિંગ (D) ક્લોનિંગ

(56) સ્ટફિંગ એટલે....

(A) પ્રાણીઓને રસાયણયુક્ત પ્રવાહીમાં રાખવા.

(B) પ્રાણીઓને કાચના કબાટમાં રાખવાં.

(C) પ્રાણીઓને દબાણ આપી રાખવાં.

(D) પ્રાણીઓના દેહકોષ્ઠમાં વનસ્પતિજન્ય સૂકો ભૂકો, સંગ્રાહકો વગેરેનું મિશ્રણ ભરી રાખવા.

(57) ભારતનું પ્રખ્યાત મ્યુઝિયમ ક્યાં આવેલું છે?

(A) મુંબઈ (B) ચેન્નઈ (C) કોલકાતા (D) વડોદરા

(58) નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમ ક્યાં આવેલું છે?

(A) મુંબઈ (B) ચેન્નઈ (C) કોલકાતા (D) વડોદરા

(59) ઝુલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા ક્યાં આવેલું છે?

(A) જોધપુર (B) કોલકાતા (C) મુંબઈ (D) A અને B બંને

(60) મ્યુઝિયમ વિજ્ઞાનના અભ્યાસની વ્યવસ્થા ક્યાં છે?

(A) જોધપુર (B) કોલકાતા (C) વડોદરા (D) A અને C બંને

(61) ખૂબ જ સમૃદ્ધ મ્યુઝિયમ ક્યાં આવેલ છે?

(A) જોધપુર (B) કોલકાતા (C) વડોદરા (D) A અને B બંને

(62) નીચેનામાંથી કયું એક પ્રખ્યાત મ્યુઝિયમ છે?

(A) નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમ (મુંબઈ) (B) ઝુલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા (જોધપુર, કોલકાતા)

(C) સેન્ટ્રલ નેશનલ મ્યુઝિયમ (D) સરકારી મ્યુઝિયમ (ચેન્નઈ)

**જવાબો : (49-C), (50-A), (51-D), (52-D), (53-A), (54-D), (55-C), (56-D), (57-B ), (58-A), (59-D), (60-C), (61-C), (62-D)**

- **પ્રાણીઉદ્યાન**

પ્રાણીઉદ્યાન એટલે એવી સંસ્થા કે જેમાં જુદા જુદા પ્રકારનાં જીવંત પ્રાણીઓને સુરક્ષિત રાખીને બંધનાવસ્થામાં પ્રદર્શિત કરવામાં આવે છે. ભારતમાં પ્રાણીઉદ્યાનને પ્રાણીબાગ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પ્રાણીબાગના જુદા જુદા હેતુઓ હોય છે. જેને સિદ્ધ કરવા માટે તેમાં જુદી જુદી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે અને તેમની રહેઠાણથી ખોરાક સુધીની તમામ સુવિધાઓ પ્રત્યે પૂરેપૂરું ધ્યાન આપવામાં આવે છે. તમામ પ્રાણી ઉદ્યાનને સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીના નિરીક્ષણ હેઠળ કામ કરે છે. ગુજરાત અને દેશમાં ઘણાંબધાં પ્રાણીઉદ્યાનો આવેલ છે.

---

(63) આપણે પ્રાણીઉદ્યાનને અન્ય કયા નામે ઓળખીએ છીએ?

(A) પ્રાણીબાગ (B) પ્રાણી સંગ્રહાલય (C) ઝૂ (D) પ્રાણીનિવાસ

(64) નવસ્થાન સંરક્ષણ અભિગમ એ કોનો મુખ્ય હેતુ છે?

(A) વનસ્પતિ ઉદ્યાન (B) મ્યુઝિયમ (C) પ્રાણીબાગ (D) વનસ્પતિ સંગ્રહાલય

(65) પ્રાણીબાગના હેતુઓમાં કોનો સમાવેશ થાય છે?

(A) સંવર્ધન, પુનર્વસન (B) સંરક્ષણ પ્રાણી-વર્તણૂક

(C) લોકજાગૃતિ, અભ્યાસ, પર્યટન (D) ઉપરના તમામ

(66) પ્રાણીઉદ્યાનના વર્ગીકરણ મુજબ કયો વિસ્તાર નથી?

(A) નિશાચર ઘર (B) કંકાલઘર (C) કીટકઘર (D) એક પણ નહિ.

(67) પ્રાણીઉદ્યાનમાં કયા વિભાગો હોય છે?

(A) વહીવટી વિભાગ (B) પશુચિકિત્સા વિભાગ (C) સંશોધન વિભાગ (D) ઉપર્યુક્ત તમામ

(68) CZA ના નિરીક્ષણ હેઠળ કોણ કાર્ય કરે છે?

(A) વનસ્પતિ ઉદ્યાન (B) મ્યુઝિયમ (C) વનસ્પતિ સંગ્રહાલય (D) પ્રાણીઉદ્યાન

(69) CZA નું પૂરું નામ કયું છે?

(A) સેન્ટ્રલ ઝુઓલોઝિકલ ઓથોરિટી (B) સેન્ટ્રલ ઝુ ઓર્ગેનાઇઝેશન

(C) સેન્ટ્રલ ઝુઓલોજિકલ ઓર્ગેનાઇઝેશન (D) સેન્ટ્રલ ઝુ ઓથોરિટી

(70) કોના સંચાલનમાં ખાનગી અને સરકારી બંને સંસ્થા કાર્યરત છે?

(A) IABG (B) CZA (C) WWF (D) WCC

(71) કયો પાર્ક ગુજરાતના પ્રસિદ્ધ પ્રાણીઉદ્યાનમાં સમાવિષ્ટ નથી?

(A) સફારી પાર્ક (B) ઈન્દ્રોડા પાર્ક (C) નહેરુ પ્રાણીઉદ્યાન (D) સક્કર બાગ

(72) જૂનાગઢમાં આવેલ પ્રાણીઉદ્યાન કયું છે?

(A) સક્કર બાગ (B) ઈન્દ્રોડા પાર્ક (C) રાણી જીજામાતા ઉદ્યાન (D) નહેરુ ઉદ્યાન

(73) ગંગટોકમાં આવેલ પ્રાણીઉદ્યાન....

(A) ઈન્દ્રોડા પાર્ક (B) નહેરુ ઉદ્યાન (C) ત્રિવેન્દ્રમ્ ઉદ્યાન (D) હિમાલયન ઉદ્યાન

(74) ચેન્નઈમાં કયું પ્રાણીઉદ્યાન આવેલું છે?

(A) નહેરુ ઉદ્યાન (B) એરીગનાર અન્ના (C) હિમાલયન (D) રાણી જીજામાતા

(75) રાણી જીજામાતા પ્રાણીઉદ્યાન ક્યાં આવેલું છે?

(A) અમદાવાદ (B) મુંબઈ (C) હૈદરાબાદ (D) ચેન્નઈ

(76) ઈન્દ્રોડા પાર્ક ક્યાં આવેલું છે?

(A) અમદાવાદ (B) જૂનાગઢ (C) સાસણગીર (D) ગાંધીનગર

(77) રાષ્ટ્રીય પ્રાણીઉદ્યાન ક્યાં આવેલું છે?

(A) મુંબઈ (B) ન્યૂ દિલ્લી (C) હૈદરાબાદ (D) ચેન્નઈ

(78) વનસ્પતિ ઉદ્યાન એ વનસ્પતિ સંગ્રહાલયથી નીચેની કઈ બાબતે જુદો પડે છે?

(A) વનસ્પતિના સંગ્રહની બાબતે (B) સંશોધનથી

(C) પુસ્તકાલયથી (D) વર્ગીકરણથી

(79) નીચેનામાં કયું એક અસંગત છે?

(A) પેશીસંવર્ધન અને ક્લોનિંગ (B) ગ્લાસ હાઉસ અને કન્ઝર્વેટરી

(C) ફ્લોદ્યાન અને લૅન્ડસ્કેપ ગાર્ડનિંગ (D) સંરક્ષણ અને સંકરણ

(80) નીચેનામાંનું કયું સ્થળ વિદ્યાર્થીઓને વર્ગીકરણ સંશોધન કરવા માટે સુવિધા પૂરી પાડે છે?

(A) વનસ્પતિ ઉદ્યાન (B) વનસ્પતિ સંગ્રહાલય (C) જનીન બૅન્ક (D) મ્યુઝિયમ

(81) લેન્ડસ્કેપ ગાર્ડનિંગની સમજ કોના સભ્યો દ્વારા પૂરી પાડી શકાય?

(A) વનસ્પતિ સંગ્રહાલયના (B) જનીન બૅન્કના (C) વનસ્પતિ ઉદ્યાનના (D) પુસ્તકાલયના

(82) અલભ્ય જનીનોની જાળવણી માટે શું વિકસાવાય છે?

(A) જનીન બૅન્ક (B) ગ્રીનહાઉસ (C) હર્બેરિયમ (D) પુસ્તકાલય

(83) નીચેનામાંથી કોણ કંકાલ ગૅલેરી ધરાવે છે?

(A) પ્રાણીબાગ (B) પ્રાણી મ્યુઝિયમ (C) વનસ્પતિબાગ (D) વનસ્પતિ મ્યુઝિયમ

(84) કોનાથી વિવિધ ભૌગોલિક વિસ્તારો, વનસ્પતિ સમૂહ અને પ્રાણીસમૂહ તૈયાર કરી શકાય છે?

(A) ઓળખવિધિ (B) નામકરણ (C) વર્ગીકરણ (D) ભૌગોલિક વિતરણ

(85) તેમાં ફર્નરી, કન્ઝર્વેટરી, કૃત્રિમ જળાશય અને ઓર્કિડિયમ વિકસાવાય છે?

(A) વનસ્પતિ ઉદ્યાન (B) વનસ્પતિ સંગ્રહાલય (C) મ્યુઝિયમ (D) પ્રાણી સંગ્રહાલય

(86) નીચે આપેલ કઈ પદ્ધતિથી નાશ પ્રાયઃ અને લુપ્ત થતા જતા સજીવોના સંરક્ષણ માટે ઉપાયો યોજી શકાય છે?

(A) વર્ગીકરણ (B) ભૌગોલિક વિતરણ (C) નામકરણ (D) ઓળખવિધિ

(87) વનસ્પતિના નમૂનાઓને વનસ્પતિ સંગ્રહાલયમાં સ્ટીલના ખાનાવાળા કે લાકડાના કબાટમાં રાખતાં પહેલાં શું કરવામાં આવે છે?

(A) નમૂનાને દબાવવામાં આવે છે.

(B) નમૂનાને સૂકવવામાં આવે છે.

(C) નમૂનાને દાબી અને સૂકવીને નિશ્ચિત કદના પૂંઠા પર ચોંટાડવામાં આવે છે.

(D) નિશ્ચિત કદના પૂંઠા ઉપર ચોટાડવામાં આવે છે.

(88) પૅરિસ અને કયુમાં ક્રમિક શું આવેલ છે?

(A) હર્બેરિયમ ઑફ ફૉરેસ્ટ રિસર્ચ, ન્યૂયૉર્ક બોટાનિકલ ગાર્ડન

(B) રોયલ બોટાનિકલ ગાર્ડન, બ્રિટિશ મ્યુઝિયમ ઑફ રોયલ બોટાનિકલ ગાર્ડન

(C) મ્યુઝિયમ ઑફ નેચરલ હિસ્ટ્રી, રોયલ બોટાનિકલ ગાર્ડન

(D) હર્બેરિયમ ઑફ ફૉરેસ્ટ રિસર્ચ, લૉઇડ બોટાનિકલ ગાર્ડન

(89) વનસ્પતિ ઉદ્યાન એ સાર્વજનિક વિહારસ્થાન અને જાહેર બગીચાથી કઈ બાબતે જુદો પડે છે?

(A) આ પ્રકારના ઉદ્યાનમાં વનસ્પતિ જાતિઓના ઉછેર ફક્ત પર્યાવરણની જાળવણી માટે કરવામાં આવે છે.

(B) આ પ્રકારના ઉદ્યાનમાં વનસ્પતિઓનો ઉછેર ફક્ત કુદરતી સૌંદર્ય માટે કરવામાં આવે છે.

(C) આ ઉદ્યાનમાં વિવિધ પ્રકારની ઔષધીય વનસ્પતિ, આર્થિક અગત્ય ધરાવતી વનસ્પતિ અને વિશિષ્ટ અપ્રાપ્ય વનસ્પતિઓને ઉછેરવામાં આવે છે.

(D) આ પ્રકારના ઉદ્યાનમાં વનસ્પતિઓની છાપ સચવાય છે.

(90) તે વર્ગીકરણીય આંતરસંબંધો પૂરા પાડી શકે છે.

(A) ફૂલોદ્યાન (B) લૅન્ડસ્કેચ ગાર્ડનિંગ (C) વનસ્પતિ ઉદ્યાન (D) વનસ્પતિ સંગ્રહાલય

(91) પક્ષી અને સસ્તન વર્ગનાં પ્રાણીઓના મૃતદેહોની આબેહૂબ દેહરચના કેવી રીતે જળવાય છે?

(A) સંગ્રાહક દ્રાવણનો ઉપયોગ કરીને (B) તેના મૃતદેહને સૂકવીને

(C) મારીને તેને ઢાંકીને (D) મૃતદેહમાં મસાલા ભરીને

(92) તેમાં બીજનિધિ અને જનીન બૅન્ક વિકસાવાય છે.

(A) વનસ્પતિ સંગ્રહાલય (B) વનસ્પતિ ઉદ્યાન (C) મ્યુઝિયમ (D) પ્રાણી સંગ્રહાલય

જવાબો : **(63-A), (64-C), (65-D), (66-B), (67-D), (68-D), (69-D), (70-B), (71-C), (72-A), (73-D), (74-B), (75-B), (76-D), (77-B), (78-C), (79-D), (80-B), (81-C), (82-A), (83-B), (84-C), (85-A), (86-B), (87-C), (88-C), (89-C), (90-C), (91-D), (92-B)**

(93) નીચેનામાંથી એક જોડકું અયોગ્ય છે :

(A) સંકરણ - પેશીસંવર્ધન (B) કલાત્મક આકર્ષણ - મહાકાયવડ

(C) જર્મપ્લાઝમ બૅન્ક - જમીન (D) લોકસેવા - ફ્લોદ્યાન

(94) નીચેનામાંથી અસત્ય જોડકું શોધો :

(A) ઝુલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા - કોલકાતા (B) રાષ્ટ્રીય ઉદ્યાન - ન્યૂ દિલ્લી

(C) એરીગનાર અન્ના ઉદ્યાન - કર્ણાટક (D) હિમાલયન ઉદ્યાન - ગંગટોક

(95) નીચેનામાંથી એક જૂથ અસત્ય છે :

(A) ઇન્ડિયન બોટાનિકલ ગાર્ડન - દહેરાદૂન (B) લૉઈડ બોટાનિકલ ગાર્ડન - દાર્જિલિંગ

(C) નેશનલ બોટાનિકલ ગાર્ડન - લખનૌ (D) સેન્ટ્રલ નેશનલ હર્બોરિયમ - કોલકાતા

(96) નીચે આપેલ જોડકાંમાંથી બે ખોટાં જોડકાં પસંદ કરો :

(A) નહેરુ ઉદ્યાન - ન્યૂ દિલ્લી (B) હિમાલયન ઉદ્યાન - હૈદરાબાદ

(C) સફારીપાર્ક - સાસણગીર (D) રાણી જીજામાતા ઉદ્યાન - મુંબઈ

(A) B અને C (B) C અને D (C) A અને B (D) B અને D

(97) નીચેનામાંથી પ્રાણીઉદ્યાન માટે અસંગત છે :

(A) સાપઘર (B) નિશાચરઘર (C) પક્ષીઘર (D) ગ્લાસહાઉસ

(98) નીચેના વાક્યમાંથી એક હર્બેરિયમ પત્ર માટે સત્ય નથી :

(A) નમૂનાનું આરોપણ થાય. (B) કબાટમાં યોગ્ય સ્થાને યોગ્ય ક્રમમાં મુકાય.

(C) વિષાક્તન પ્રક્રિયા કરાવાય. (D) ફ્યુમિગેશનથી પરિક્ષણ થાય.

(99) નીચેનામાંથી એક વનસ્પતિ સંગ્રહાલય માટે સત્ય નથી :

(A) વનસ્પતિના નમૂનાની ઓળખવિધિ પૂરી પાડે. (B) વર્ગીકરણ સંશોધન માટે સુવિધા પૂરી પાડે.

(C) તેના દ્વારા બીજનિધિ ઊભા કરી શકાય. (D) આધુનિક વર્ગીકરણ તૈયાર કરવાની ચાવી પૂરી પાડે.

(100) મ્યુઝિયમ માટે નીચેનામાંથી કયું વાક્ય સાચું નથી :

(A) સાંસ્કૃતિક વારસાની જાળવણી કરવી. (B) પુસ્તકાલય અને પ્રયોગશાળા હોય.

(C) પ્રાણીઓનાં અસ્થિ અને કંકાલનો સંગ્રહ હોય. (D) સ્ટફિંગ પદ્ધતિ દ્વારા પ્રાણીના મૃતદેહની જાળવણી થાય.

જવાબો : **(93-A), (94-C), (95-A), (96-C), (97-D), (98-D), (99-C), (100-B)**

- **A - વિધાન, R - કારણવાળા પ્રશ્નો**

નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપેલ વિકલ્પમાંથી પસંદ કરવા :

(A) A અને R બંને સાચાં છે. R એ A ની સમજૂતી આપે છે.

(B) A અને R બંને સાચાં છે. પરંતુ R એ A ની સમજૂતી નથી.

(C) A - સાચું, R - ખોટું છે.

(D) A - ખોટું, R - સાચું છે.

(101) વિધાન A : વનસ્પતિ સંગ્રહાલય વિવિધ સ્થળોએથી એકત્રિત કરેલા વનસ્પતિ નમૂનાઓનું સંગ્રહસ્થાન છે.

કારણ R : વનસ્પતિ સંગ્રહાલયમાં વનસ્પતિ નમૂનાઓ સંગ્રહ કરવા માટે ચોક્કસ પદ્ધતિઓ હોય છે.

(A) (B) (C) (D)

(102) વિધાન A : વનસ્પતિ સંગ્રહાલય કલમ કરવી, પેશીસંવર્ધન, ક્લોનિંગ તથા સંકરણ જેવી પ્રક્રિયાઓ કરવામાં આવે છે.

કારણ R : વનસ્પતિ સંગ્રહાલયમાં એકત્રિત કરેલ પ્રમાણિત અને નવી શોધાયેલી વનસ્પતિ નમૂનાઓની ઓળખવિધિ અંગે જરૂરી માહિતી પૂરી પાડે છે.

(A) (B) (C) (D)

(103) વિધાન A : વનસ્પતિ ઉદ્યાનમાં જુદી જુદી અનેક વનસ્પતિ જાતિઓને ઉગાડવામાં આવે છે.

કારણ R : વનસ્પતિ ઉદ્યાન સંશોધન માટે તૈયાર સામગ્રી પૂરી પાડે છે.

(A) (B) (C) (D)

(104) વિધાન A : વનસ્પતિ ઉદ્યાન સાર્વજનિક વિહારસ્થાન અને જાહેર બગીચાથી જુદો પડે છે.

કારણ R : વનસ્પતિ ઉદ્યાનમાં વનસ્પતિની ઓળખ માટે તેનો ઉછેર કરવામાં આવે છે.

(A) (B) (C) (D)

(105) વિધાન A : વનસ્પતિ સંગ્રહાલય વિદ્યાર્થીઓને વર્ગીકરણીય સંશોધન કરવા માટે સુવિધા પૂરી પાડે છે.

કારણ R : વનસ્પતિ સંગ્રહાલય આધુનિક વર્ગીકરણ પદ્ધતિ તૈયાર કરવાની ચાવી પૂરી પાડે છે.

(A) (B) (C) (D)

(106) વિધાન A : મ્યુઝિયમનો હેતુ સાંસ્કૃતિક વારસો વધારવાનો છે.

કારણ R : મ્યુઝિયમનો હેતુ જૈવવિવિધતા વધારવાનો છે.

(A) (B) (C) (D)

(107) વિધાન A : હર્બેરિયમ પત્રકમાં ડાબી બાજુ નામનિર્દેશન માટે લખાણ આવેલું હોય છે.

કારણ R : તેમાં વૈજ્ઞાનિક નામ, પ્રચલિત નામ, કુળ વગેરેની નોંધ કરવામાં આવે છે.

(A) (B) (C) (D)

જવાબો : **(101-B), (102-D), (103-A), (104-A), (105-B), (106-C), (107-D)**

(108) યોગ્ય જોડ પસંદ કરો :

| **કૉલમ - I** | **કૉલમ - II** |
|---|---|
| (a) મ્યુઝિયમ ઑફ નેચરલ હિસ્ટ્રી | (i) વડોદરા |
| (b) બ્રિટિશ મ્યુઝિયમ ઑફ રોયલ બોટાનિકલ ગાર્ડન | (ii) દહેરાદૂન |
| (c) સેન્ટ્રલ નેશનલ હર્બેરિયમ | (iii) ક્યુ (ઇંગ્લૅન્ડ) |
| (d) હર્બેરિયમ ઑફ ફૉરેસ્ટ રિસર્ચ | (iv) કોલકાતા |
| (e) હાર્બેરિયમ ડિપાર્ટમેન્ટ ઑફ બોટની, એમ. એસ. યુનિવર્સિટી | (v) પૅરિસ (ફ્રાન્સ) |

(A) a-v, b-iii, c-iv, d-ii, e-i (B) a-ii, b-iii, c-iv, d-v, e-i

(C) a-iii, b-iv, c-v, d-i, e-ii (D) a-iv, b-v, c-i, d-ii, e-iii

(109) યોગ્ય જોડ પસંદ કરો :

| **કૉલમ - I** (પ્રાણીઉદ્યાન) | **કૉલમ - II** (સ્થળ) | |
|---|---|---|
| (a) સફારી પાર્ક | (i) ત્રિવેન્દ્રમ | (A) a-ii, b-iii, c-iv, d-i, e-v |
| (b) સક્કર બાગ | (ii) ગાંધીનગર | (B) a-iii, b-iv, c-v, d-ii, e-i |
| (c) પ્રાણીઉદ્યાન | (iii) સાસણગીર | (C) a-iv, b-v, c-i, d-iii, e-ii |
| (d) ઈન્દ્રોડા પાર્ક | (iv) જૂનાગઢ | (D) a-v, b-i, c-ii, d-iv, e-iii |
| (e) ત્રિવેન્દ્રમ્ | (v) વડોદરા | |

(110) યોગ્ય જોડ પસંદ કરો :

| **કૉલમ - I** | **કૉલમ - II** | |
|---|---|---|
| (a) રાષ્ટ્રીય પ્રાણીઉદ્યાન | (i) ગંગટોક | (A) a-ii, b-i, c-iii, d-iv, e-v |
| (b) રાણી જીજામાતા ઉદ્યાન | (ii) ચેન્નઈ | (B) a-iii, b-ii, c-iv, d-v, e-i |
| (c) નહેરુ પ્રાણીઉદ્યાન | (iii) મુંબઈ | (C) a-iv, b-iii, c-v, d-i, e-ii |
| (d) હિમાલયન | (iv) ન્યૂ દિલ્લી | (D) a-v, b-iv, c-i, d-ii, e-iii |
| (e) એરીગનાર અન્ના | (v) હૈદરાબાદ | |

(111) યોગ્ય જોડ પસંદ કરો :

| **કૉલમ - I** (વનસ્પતિ ઉદ્યાન) | **કૉલમ - II** (સ્થળ) | **કૉલમ - III** (વિસ્તાર) |
|---|---|---|
| (a) રોયલ બોટાનિકલ ગાર્ડન | (1) શિબપુર | (i) બ્રિટન |
| (b) ન્યૂયૉર્ક બોટાનિકલ ગાર્ડન | (2) લખનૌ | (ii) પશ્ચિમ બંગાળ |
| (c) ઈન્ડિઅન બોટાનિકલ ગાર્ડન | (3) દાર્જિલિંગ | (iii) યુ.એસ.એ. |
| (d) નેશનલ બોટાનિકલ ગાર્ડન | (4) વઘઈ | (iv) કોલકાતા |
| (e) લૉઈડ બોટાનિકલ ગાર્ડન | (5) ક્યુ | (v) ઉત્તરપ્રદેશ |
| (f) બોટાનિકલ ગાર્ડન | (6) ન્યૂયૉર્ક | (vi) ગુજરાત |

(A) (a-5-i) (b-6-iii) (c-1-iv) (d-2-v) (e-3-ii) (f-4-vi)

(B) (a-6-ii) (b-1-iv) (c-2-v) (d-3-vi) (e-4-iii) (f-5-i)

(C) (a-1-iii) (b-2-v) (c-3-vi) (d-4-i) (e-5-iv) (f-6-ii)

(D) (a-2-iv) (b-3-vi) (c-4-i) (d-5-ii) (e-6-v) (f-1-iii)

(112) યોગ્ય જોડ પસંદ કરો :

| **કૉલમ - I** (મ્યુઝિયમ) | **કૉલમ - II** (સ્થળ) | |
|---|---|---|
| (a) નેચરલ હિસ્ટ્રિમ્યુઝિયમ | (i) વડોદરા | (A) a-i, b-iv, c-iii, d-ii |
| (b) ઝુલોજિકલ સર્વે ઑફ ઈન્ડિયા | (ii) ચેન્નઈ | (B) a-ii, b-i, c-iv, d-iii |
| (c) સરકારી મ્યુઝિયમ | (iii) કોલકાતા | (C) a-iii, b-ii, c-i, d-iv |
| (d) મ્યુઝિયમ વિજ્ઞાનનો અભ્યાસ | (iv) મુંબઈ | (D) a-iv, b-iii, c-ii, d-i |

(113) યોગ્ય જોડ પસંદ કરો :

| **કૉલમ - I** | **કૉલમ - II** |
|---|---|
| (a) રોજગારી માટે પર્યાવરણીય પ્રવાસને પ્રોત્સાહન | (i) મ્યુઝિયમ |
| (b) સ્ટફિંગ પદ્ધતિ | (ii) વનસ્પતિ ઉદ્યાન |
| (c) લૅન્ડસ્કેપ ગાર્ડનિંગ | (iii) પ્રાણીબાગ |
| (d) આધુનિક વર્ગીકરણ તૈયાર કરવાની ચાવી | (iv) વનસ્પતિ સંગ્રહાલય |

(A) a-iv, b-ii, c-i, d-iii

(B) a-iii, b-i, c-ii, d-iv

(C) a-i, b-iii, c-iv, d-ii

(D) a-ii, b-iv, c-iii, d-i

(114) યોગ્ય જોડ પસંદ કરો :

| **કૉલમ - I** | **કૉલમ - II** | |
|---|---|---|
| (a) ફ્યુમિગેશન પદ્ધતિ | (i) વનસ્પતિ ઉદ્યાન | (A) a-iii, b-ii, c-i, d-iv |
| (b) કન્ઝર્વેશન | (ii) વનસ્પતિ સંગ્રહાલય | (B) a-iv, b-iii, c-ii, d-i |
| (c) ઈથનોગેલેરી | (iii) પ્રાણીઉદ્યાન | (C) a-i, b-iv, c-iii, d-ii |
| (d) નવસ્થાન સંરક્ષણ | (iv) મ્યુઝિયમ | (D) a-ii, b-i, c-iv, d-iii |

(115) યોગ્ય જોડ પસંદ કરો :

| **કૉલમ - I** | **કૉલમ - II** |
|---|---|
| (a) નવી જાતિનો વિકાસ | (i) સ્ટફિંગ |
| (b) પક્ષી અને સસ્તનના મૃતદેહોની જાળવણી | (ii) સંગ્રાહક |
| (c) શીશી કે બરણીમાં નમૂનાઓની જાળવણી | (iii) જર્મપ્લાઝમ |
| (d) સુધારેલી જાતિઓ મેળવવી | (iv) ક્લોનિંગ |

(A) a-iii, b-iv, c-i, d-ii
(B) a-iv, b-i, c-ii, d-iii
(C) a-i, b-ii, c-iii, d-iv
(D) a-ii, b-iii, c-iv, d-i

(116) યોગ્ય જોડ પસંદ કરો :

| **કૉલમ - I** | **કૉલમ - II** |
|---|---|
| (a) વનસ્પતિ સંગ્રહાલયો | (i) નવસ્થાન સંરક્ષણ |
| (b) વનસ્પતિ ઉદ્યાન | (ii) આધુનિક વર્ગીકરણ પદ્ધતિ તૈયાર કરવાની ચાવી |
| (c) મ્યુઝિયમ | (iii) નૈસર્ગિક સંપત્તિની જાળવણી |
| (d) પ્રાણીઉદ્યાન | (iv) જૈવવિવિધતાને સાચવવાનો |

(A) a-ii, b-iii, c-iv, d-i
(B) a-iii, b-iv, c-i, d-ii
(C) a-iv, b-i, c-ii, d-iii
(D) a-i, b-ii c-iii, d-iv

જવાબો : **(108-A), (109-B), (110-C), (111-A), (112-D), (113-B), (114-D), (115-B), (116-A)**

- **NEET માટેના પ્રશ્નો**

(117) વિશ્વનો સુપ્રસિદ્ધ વનસ્પતિ ઉદ્યાન

(A) લૉઇડ બોટાનિકલ ગાર્ડન, દાર્જિલિંગ
(B) ન્યૂર્યોક બોટાનિકલ ગાર્ડન, યુ.એસ.એ.
(C) રોયલ બોટાનિકલ ગાર્ડન, ક્યુ, ઇંગ્લૅન્ડ
(D) રોયલ બોટાનિકલ ગાર્ડન, સિડની, ઑસ્ટ્રેલિયા

(118) નીચે આપેલ એ વનસ્પતિ ઉદ્યાનોનું એક મહત્ત્વનું કાર્ય છે:

(A) ત્યાં ઉષ્ણકટિબંધની વનસ્પતિઓ જોઈ શકાય છે.
(B) તેમાં જર્મપ્લાઝમનું નવસ્થાન સંરક્ષણ કરવામાં આવે છે.
(C) તેઓ વન્યજીવોને કુદરતી વસવાટ પૂરો પાડે છે.
(D) તે એક સુંદર મનોરંજક વિસ્તાર પૂરો પાડે છે.

(119) કોઈ પણ વિસ્તારની જૈવવૈવિધ્યની જાળવણી માટે સૌથી અસરકારક પદ્ધતિ કઈ છે?

(A) બીજ બૅન્કના વિકાસ દ્વારા
(B) પેશીસંવર્ધન પદ્ધતિ દ્વારા
(C) આરક્ષિત જૈવવારણના નિર્માણ દ્વારા
(D) વનસ્પતિ ઉદ્યાનના સર્જન દ્વારા

(120) વનસ્પતિના શુષ્ક નમૂનાઓનો સંગ્રહ અને અભ્યાસ માટેના સ્થાનને શું કહે છે?

(A) આરબોરિયમ
(B) મ્યુઝિયમ
(C) વાસ્ક્યુલમ
(D) વનસ્પતિ સંગ્રહાલય (હર્બેરિયમ)

(121) સૌથી મોટા વનસ્પતિ સંગ્રહાલય પૈકીનું એક...

(A) ક્યુ (B) જીનીવા (C) બર્લિન (D) સ્વીડન

(122) વનસ્પતિના શુષ્ક નમૂનાઓનો સંગ્રહ જે સ્થળે કરવામાં આવતો હોય તે સ્થળને શું કહે છે?

(A) આરબોરિયમ (B) વનસ્પતિ સંગ્રહાલય (C) વનસ્પતિ ઉદ્યાન (D) ઉપર્યુક્ત તમામ

(123) વનસ્પતિ ઉદ્યાન અને પ્રાણીઉદ્યાન એટલે....

(A) સ્થાનિક જીવંત જાતિઓનો સંગ્રહ (B) વિદેશી જીવંત જાતિઓનો સંગ્રહ

(C) સ્થાનિક અને વિદેશી જીવંત જાતિઓનો સંગ્રહ (D) સ્થાનિક વનસ્પતિ અને સ્થાનિક પ્રાણીઓનો સંગ્રહ

(124) જર્મપ્લાઝમ બૅન્કનું નીચેનામાં કયું કાર્યક્ષેત્ર ગણાવી શકાય?

(A) હાર્બેરિયમ સીડસ વિકસાવવી (B) નવી જાતિઓનું સર્જન

(C) બીજનિધિનો વિકાસ (D) આપેલ તમામ

(125) હર્બેરિયમ પત્રકની જમણી બાજુએ રાખેલ જગ્યામાં લખવાની ચોક્કસ માહિતીનો ક્રમ પસંદ કરો :

(A) વૈજ્ઞાનિક નામ - કુળ - પ્રચલિત નામ - પ્રાપ્તિસ્થાન (B) પ્રચલિત નામ - કુળ - પ્રાપ્તિસ્થાન - વૈજ્ઞાનિક નામ

(C) કુળ - પ્રચલિત નામ - વૈજ્ઞાનિક નામ - પ્રાપ્તિસ્થાન (D) પ્રાપ્તિસ્થાન - કુળ - પ્રચલિત નામ, વૈજ્ઞાનિક નામ

(126) વનસ્પતિ ઉદ્યાનોના સભ્યો દ્વારા સામાન્ય લોકોને શાની સમજ અપાય છે?

(A) પેશીસંવર્ધન (B) સંકરણ (C) ક્લોનિંગ (D) લૅન્ડસ્કેપ ગાર્ડનિંગ

(127) વનસ્પતિ ઉદ્યાનોમાં રહેલી જીવંત વનસ્પતિઓનો ઉપયોગ સંશોધન માટે કયા ક્ષેત્રની એકત્રિત માહિતી મેળવવા થાય છે?

(A) અંતઃસ્થવિદ્યા (B) કોષવિદ્યા (C) ભ્રૂણવિદ્યા (D) આપેલ બધા જ

**જવાબો : (117-C), (118-B), (119-C), (120-D), (121-A), (122-B), (123-C), (124-C), (124-A), (126-D), (127-D)**

**વર્ગીકરણ વિદ્યાની ચાવીઓ**

- સજીવોની ઓળખવિધિ માટે કૃત્રિમ પૃથક્કરણીય સાધન કે જે વિધાનોને અનુસરીને ઉપયોગી બને છે.
- સામાન્યતઃ પ્રત્યેક વિધાન બે વચ્ચેની સમાનતા અથવા ભિન્નતા પ્રદર્શિત કરે છે.
- બે પ્રકારની ચાવીઓ - કૌંસમાં દર્શાવેલ બાબત અને સામાન્યતઃ અધોરેખિત બાબત ધ્યાનમાં લેવાય છે.

**વનસ્પતિ ઉદ્યાન**

- સંદર્ભ અર્થે એકત્રિત કરેલ જીવંત વનસ્પતિઓનો વસવાટ
- મૉસ્કોમાં સૌથી મોટો વનસ્પતિ ઉદ્યાન છે.
- સૌથી વધુ પ્રખ્યાત વનસ્પતિ ઉદ્યાન ક્યુનો વનસ્પતિ ઉદ્યોગ છે.

**વનસ્પતિ સંગ્રહાલય/હર્બેરિયમ**

- જાડા કાગળો પર વનસ્પતિઓનું એકત્રિકરણ સામાન્યતઃ દર્શાવાય જે શુષ્કતન્, દાબન અને પ્રિઝર્વેશન દ્વારા થાય છે.
- યોગ્ય કદ 41 cm × 29 cmની હોય છે.
- સૌથી મોટું વનસ્પતિ સંગ્રહાલય વિશ્વમાં ક્યુમાં સ્થિત છે.

**પ્રાણીઉદ્યાન/પ્રાણીબાગ**

- પાંજરાને સ્થાને ખુલ્લા વિસ્તારમાં પ્રાણીઓને મુક્ત નિર્ભય રીતે જાળવણીની પદ્ધતિ યોગ્ય સંરક્ષણને આધારે કરાય છે.
- વન્ય પ્રાણીઓના અભ્યાસ અને તેમની ખોરાક મેળવવાની ટેવોની સમજવામાં મદદરૂપ થાય છે.
- *ex-Situ* (નવ સંસ્થાન) જાળવણીમાં મદદરૂપ નાશપ્રાયઃ જીવોનું સંવર્ધન કરવામાં પણ ઉપયોગી છે. જે પ્રાણીઓ માટે દર્શાવાય છે.

**મ્યુઝિયમ/સંગ્રહાલય**

- નૈસર્ગિક ઇતિહાસની વસ્તુઓનું પ્રદર્શન અને સંગ્રહસ્થાન, પ્રિઝર્વેશનના ઉપયોગમાં આવતું સ્થળ કે જે કલા અને કુદરત ભાગ્યે જ જોવા મળતા હોય તેવા સજીવોનો સુમેળ છે.
- સ્થાનિક વનસ્પતિઓ અને પ્રાણીઓ સિવાય પણ અન્ય વિસ્તારના પણ સજીવોની માહિતી પ્રદાન કરે છે.